## SECTION B

**Q5. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) મારી અને રાજનીતિ વચ્ચે આવનારને હું ક્ષમા કરતો નથી. 10

(b) સાંઈઆસે સબકુછ હોત હૈ,
મુજ બંદેસે કુછ નાંહી,
રાઈકું પરબત કરે,
પરબત બાગે જ માંહી. 10

(c) ખરી વાત કરું છું રાજુ ! હવે મારાથી આ ભૂખ
નથી વેઠાતી જીવ કાઢી નાખું એમ થાય છે. 10

(d) હવે હું તારે ખોળે છઉં. 10

(e) સ્વરાજ તો આપણા મનનું રાજ્ય છે, તેની ચાવી સત્યાગ્રહ, આત્મબળ કે દયાબળ છે. 10

**Q6.* સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.**

(a) આજનું ભારત અને 'હિન્દસ્વરાજ'ની પ્રસ્તુતતા. 20

(b) 'પાટણની પ્રભુતા'માં ઈતિહાસ અને કલ્પનાનું સામંજસ્ય. 15

(c) 'કાવ્યની શક્તિ' ગ્રંથમાં 'કાવ્યની શક્તિ' લેખમાં રા.વિ. પાઠકના કવિતાવિષયક વિચારો વિશે ટૂંકનોંધ લખો. 15

**Q7.* નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'સૌરાષ્ટ્રની રસધાર'ની પાત્રસૃષ્ટિનો પરિચય કરાવો. 20

(b) 'ધ્વનિ' કાવ્યસંગ્રહના 'ભાઈરે આપણા દુઃખનું કેટલું જોર' કાવ્યનો આસ્વાદ કરાવો. 15

(c) 'જનાન્તિકે'ના નિબંધોને આધારે સુરેશ જોશીની નિબંધકાર તરીકેની લાક્ષણિકતાઓ સમજાવો. 15

**Q8. સમીક્ષાત્મક નોંધ લખો.**

(a) 'માનવીની ભવાઈ' કાળપ્રધાન નવલકથા છે – આ વિધાનની સદૃષ્ટાંત ચર્ચા કરો. 20

(b) પ્રયોગાત્મક નાટયકૃતિ તરીકે 'અશ્વત્થામા'નું મૂલ્યાંકન કરો. 15

(c) 'નવપરણિત પેલાં' કાવ્યનો આસ્વાદાત્મક પરિચય કરાવો. 15



Scanned with OKEN Scanner

## SECTION A

**Q1. આશરે 150 શબ્દોમાં સમીક્ષાત્મક નોંધ લખો :** *10×5=50*

(a) ગુજરાતી ભાષાના ઉદ્ભવની પ્રથમ ભૂમિકાનો વિગતે પરિચય કરાવો. *10*

(b) પટ્ટણી બોલીની લાક્ષણિકતાઓ દર્શાવી તેનાં સાત દૃષ્ટાંતો આપો. *10*

(c) નરસિંહ પૂર્વેના જૈન સાહિત્યનો પાંચ કૃતિઓ સહિત સંક્ષિપ્ત પરિચય કરાવો. *10*

(d) નવલરામે વિવેચન ક્ષેત્રે કરેલા પ્રદાનનો ખ્યાલ આપો. *10*

(e) સૉનેટકાર તરીકે બ.ક. ઠાકોરનું મૂલ્યાંકન કરો. *10*

**Q2. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) ગુજરાતી ભાષાનાં ધ્વનિઘટકોનો પરિચય કરાવો. *20*

(b) પંડિત યુગમાં નાટક ક્ષેત્રે થયેલ ખેડાણનો વિગતે પરિચય કરાવો. *20*

(c) કાકાસાહેબ કાલેલકરના પ્રવાસ સાહિત્યનું મૂલ્યાંકન કરો. *10*

**Q3. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) ગુજરાતી કથાસાહિત્ય ક્ષેત્રે નારીસર્જકોના પ્રદાનનું મૂલ્યાંકન કરો.

(b) ઉમાશંકર જોશી અને સુન્દરમ્‌ની સર્જકપ્રતિભાનો પરિચય કરાવો. *20*

(c) નિરંજન ભગત અને ગુલામ મોહમ્મદ શેખની કવિતામાં જોવા મળતાં આધુનિકતાવાદી વલણોની સાધાર ચર્ચા કરો. *10*

**Q4. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) મધ્યકાલીન ભક્તિકવિતાના વિવિધ પ્રવાહોનો પરિચય કરાવો. 20

(b) સુધારક યુગના સાહિત્યકારની સાહિત્યસેવાનો પરિચય કરાવો. 20

(c) ન્હાનાલાલનાં ભાવપ્રધાન નાટકો અને ગદ્યગ્રંથોનું મૂલ્યાંકન કરો. 10



Scanned with OKEN Scanner

## SECTION B

**Q5. આશરે 150 શબ્દોમાં ઉત્તરો આપો :** *10×5=50*

(a) 'ભરતેશ્વર બાહુબલિ રાસ' સહિત મધ્યકાળની પાંચ રાસકૃતિઓનો પરિચય કરાવો. *10*

(b) લોકનાટ્ય ભવાઈનો પરિચય કરાવી અસાઈતના પ્રદાનને મૂલવો. *10*

(c) લલિતનિબંધનાં લક્ષણો દર્શાવી સુરેશ જોષીની નિબંધકલાનું મૂલ્યાંકન કરો. *10*

(d) ભાલણ અને ભોજાનાં પદોનો પરિચય કરાવો. *10*

(e) શામળ પૂર્વેની અને પછીની પદ્યવાર્તાની પરંપરાનો વિગતે પરિચય કરાવો. *10*

**Q6. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) કથાસાહિત્યનાં બે મુખ્ય સ્વરૂપો નવલકથા અને ટૂંકીવાર્તા વચ્ચેનો ભેદ સદૃષ્ટાંત સ્પષ્ટ કરો. *20*

(b) ગુજરાતી ગઝલક્ષેત્રે થયેલા વિભિન્ન પ્રકારના પ્રયોગોની સદૃષ્ટાંત ચર્ચા કરો. *20*

(c) લલિત નિબંધના સ્વરૂપ વિકાસમાં પ્રવીણદરજી અને ભગીરથ બ્રહ્મભટ્ટના પ્રદાનને મૂલવો. *10*

**Q7. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) નવલકથા અને નાટક ક્ષેત્રે 'દર્શક' અને જયંતિ દલાલના પ્રદાનને મૂલવો. 20

(b) લોકસાહિત્ય સંશોધન ક્ષેત્રે ઝવેરચંદ મેઘાણી હરિવલ્લભ ભાયાણી અને હસુ યાજ્ઞિકના પ્રદાનને મૂલવો. 20

(c) ટૂંકીવાર્તાના સ્વરૂપમાં થયેલા પ્રયોગો સંદર્ભે મધુ રાય અને કિશોર જાદવની વાર્તાઓ મૂલવો. 10

**Q8. સમીક્ષાત્મક ઉત્તરો આપો :**

(a) સૈદ્ધાન્તિક વિવેચનક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનારા પાંચ વિવેચકોના વિવેચનનો પરિચય કરાવો. 20

(b) ગીતરચનાના સંદર્ભે રાજેન્દ્ર શાહ અને રમેશ પારેખની ગીતકાર તરીકેની વિશેષતાઓ વર્ણવો. 20

(c) આખ્યાનના સ્વરૂપ સંદર્ભે પ્રેમાનંદ કૃત 'કુંવરબાઈનું મામેરું'ની સમીક્ષા કરો. 10



Scanned with OKEN Scanner